

# પુતિને દેડકાંનાં ઝેર વડે વિરોધી નવાલ્નીનું ખૂન કરાવ્યું હતું : બ્રિટનનું કથન

સારાંશ
★વિન્સી મરચન્ટ

રશિયાની વ્લાદિમીર પુતિન સરકાર દુનિયાને એ બતાવવા માગતી હતી કે પુતિનના પ્રખર રાજકીય વિરોધી એલેક્સી નવાલ્નીનું ઉત્તર ધ્રુવ પ્રદેશની એક જેલમાં કુદરતી મરણ નીપજ્યું હતું. એ સાથે એ રશિયાના સ્થાનિક નેતાઓ અને લોકોમાં એ ધાક જમાવવા માગતા હતા કે જેઓ પુતિનનો વિરોધ કરશે તેઓના હાલ નવાલ્ની જેવા થશે. દુનિયાએ પુતિન સરકારની એ રજૂઆતને ગંભીરતાથી લીધી નથી કે નવાલ્નીનું મરણ કુદરતી રીતે થયું હતું. દુનિયા તેને એક જૂઠ, એક ફરેબ તરીકે માનતી આવી હતી. જ્યારે બીજી તરફ રશિયન પ્રજામાં અને વિપક્ષી નેતાઓમાં ધાક અને ડર પેસાડવામાં પુતિન સફળ રહ્યા છે.

પુતિનની સરકારે દુનિયા સમક્ષ બોલવું પડે એટલે બોલતી હતી કે રશિયામાં વિપક્ષી નેતાઓનું કાસળ કાઢી નાખવામાં આવતું નથી. રશિયામાં લોકશાહી બરકરાર છે, પુતિન તાનાશાહ નથી વગેરે. પરંતુ વિરોધીઓ અને રશિયાદ્રોહીઓ દેશમાં હોય કે વિદેશોમાં, તેઓને માટીમાં મેળવી દેવાનો રશિયાનો ઇતિહાસ અનેક પ્રસંગોથી ભરેલો છે.

નવાલ્નીને મારી નાખવાના અગાઉ પણ પ્રયાસો થયા હતા. પુતિન સરકારે અંતિમવાદ અને ત્રાસવાદના તથાકથિત ગુનાઓ આચરવા બદલ એલેક્સી નવાલ્નીને ઓગણીસ વર્ષની જેલની સજા ફરમાવી હતી. નવાલ્ની પુતિન સરકારના ભ્રષ્ટાચાર સામે ઝુંબેશ ચલાવી રહ્યા હતા અને એમની આગેવાનીમાં મોસ્કોમાં ક્રેમલીન સામે લોકોએ વિશાળ પ્રદર્શનો યોજ્યાં હતા. વર્ષ 2012થી પુતિને નવાલ્નીને વારંવાર જેલમાં પૂર્યા હતા. 2023માં એમને 19 વર્ષની સજા ફરમાવવામાં આવી હતી. વર્ષ 2018માં રશિયાના પ્રમુખ તરીકેની ચૂંટણી લડવા એમના પર પ્રતિબંધ મૂકાયો હતો. 2020ના ઓગસ્ટમાં એમને મારી નાખવાના ઇરાદા સાથે નોવીચેક નામનું ઝેર એમને અપાયું હતું. પરિણામે ગંભીર રીતે બિમાર પડી ગયા હતા. આ ઘટનાથી દુનિયાભરમાં ઉહાપોહ થયો અને પરિણામે નવાલ્નીને બર્લિન, જર્મનીની એક હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થવાની પુતિને છૂટ આપી. પુતિન એમ માનતા હતા કે નવાલ્ની એ પછી જર્મનીમાં જ રહી જશે અને એ રીતે ઠંડા પાણીએ ખસ જતી રહેશે. પરંતુ એક મહિના સુધી સારવાર બાદ નવાલ્ની બહાદૂરી સાથે ફરીથી રશિયામાં



આવ્યા. ત્યાં એમના પર જૂઠા મુકદ્દમાઓ મંડાયા અને આખરે 2023માં ઓગણીસ વર્ષની કારાવાસની સજા ફરમાવવામાં આવી.

ડિસેમ્બર 2023માં નવાલ્ની જેલમાંથી લગભગ ત્રણ સપ્તાહ સુધી ગાયબ થઇ ગયા હતા. આખરે ઉત્તર ધ્રુવ પ્રદેશની એક સુધારણા જેલમાં એ હયાત છે એવા સમાચાર આવ્યા. 2024માં રશિયન જેલ સત્તાધીશોએ જાહેર કર્યું કે નવાલ્નીનું મરણ નીપજ્યું છે. રશિયાની અંદર તેમજ વિદેશોમાં આ ઘટનાનો વિરોધ થયો. વિદેશી સરકારો અને માનવાધિકાર સંસ્થાઓએ જાહેર કર્યું કે પુતિનના હુકમ પ્રમાણે નવાલ્નીની હત્યા કરી નાખવામાં આવી છે.

હમણાં થોડા સમય પૂર્વે જર્મનીના મ્યુનિક ખાતે ઇંગ્લેન્ડ (યુકે)ની સરકારના વિદેશમંત્રી યવેટ કૂપરે ગૌપ્યસ્ફોટ કર્યો કે એપીબેટીડીન પ્રકારનું ઝેર રશિયન સરકાર દ્વારા નવાલ્નીને ચડાવવામાં આવ્યું હતું. જેર અપાયું તે અગાઉની એ જેલની કોટડીની અને તેની અંદરની સ્થિતિની તસવીરો નવાલ્નીનાં પત્ની શ્રીમતી યુલિયા નવાલ્નીઆએ પ્રગટ કરી હતી. આ તસવીરો ખાનગી રીતે પ્રાપ્ત કરવામાં આવી હતી. આ કોટડીમાં જ એલેક્સીનું મરણ નીપજ્યું હતું. એ કોટડીમાં નવાલ્નીની કેટલીક ચીજો સાથે અનેક જગ્યાએ વોમિટ પડ્યું હતું. એક અંગ્રેજી અને રશિયન ભાષાનો શબ્દકોશ હતો. હાથ પર પહેરવાનાં મોજાં હતાં. આ તસવીરો સાથેનો એક વિડિયોમાં યુલીઆએ પતિની છેલ્લી ઘડીઓની કેટલીક વિગતો કહી સંભળાવી હતી. યુલીઆના કહેવા પ્રમાણે જેલના કેટલાક કર્મચારીઓને નવાલ્ની પ્રત્યે સહાનુભૂતિ હતી અને તેઓએ એમની છેલ્લી પળોના કેટલાંક પુરાવા તસવીરો દ્વારા સાચવી રાખ્યા છે.

મૃત્યુ અગાઉ નવાલ્ની ચાલવા માટે થોડો સમય કોટડીની બહાર ગયા હતા. પાછા ફરીને એ જમીન પર કોટડીમાં સૂઈ ગયા હતા. ગોઠણ પરની નીકેપ કાઢી નાખી અને દર્દને કારણે કણસવા લાગ્યા હતા. કોટડીની બહાર ઊભેલા હવાલદારો સળિયાઓમાંથી આ સ્થિતિ જોઇ રહ્યા હતા. નવાલ્નીનું શરીર કાંપવા લાગ્યું હતું અને ત્યારબાદ ઊલ્ટીઓ થવા માંડી હતી. ઇમરજન્સી મદદ તેડાવવામાં ચાલીસ મિનિટનો સમય લાગી ગયો. થોડીવારમાં એમનું મરણ નીપજ્યું. જેલના સત્તાવાળાઓએ નવાલ્નીનાં માતા લ્યુડમીલાને જાણ કરી કે તમારા પુત્રનું મરણ 'સડન ડેથ સિન્ડ્રોમ'ને કારણે થયું છે.

રશિયન સરકાર ઇચ્છતી હતી કે નવાલ્નીની દફનવિધિ ખાનગીમાં કરી દેવામાં આવે. સરકારને ડર હતો કે જો જાહેરમાં અંતિમવિધિ યોજાશે તો લોકોમાં આક્રોશ ફાટી નીકળશે. આખરે પુતિનનો વિરોધ કરી શકે અને રશિયાના વિરોધપક્ષોને એક છત હેઠળ એકઠા કરવાનો મિજાજ અને કરિશ્મા એક માત્ર નવાલ્ની જ ધરાવતા હતા. સરકાર ખાનગીમાં દફનવિધિ યોજવા જઇ રહી છે, એ ખબર જાહેર થઇ ત્યારે જ પ્રજામાં ગુસ્સો ભડક્યો અને આખરે મોસ્કોમાં એમની દફનવિધિ યોજવાની સરકારે છૂટ આપવી પડી.

**રશિયન સરકાર ઇચ્છતી હતી કે નવાલ્નીની દફનવિધિ ખાનગીમાં કરી દેવામાં આવે. સરકારને ડર હતો કે જો જાહેરમાં અંતિમવિધિ યોજાશે તો લોકોમાં આક્રોશ ફાટી નીકળશે**

પુતિન કેવી રીતે મારી નખાવે એ સવાલ પણ મહત્વનો છે. લેટીન અમેરિકાના ઇક્વાડોર અને આસપાસના દેશોમાં એક અલગ પ્રકારના દેડકા જોવા મળે છે. જંગલના દેડકાંઓના શરીર પર ત્વચાની ઉપર આ એપીબેટીડીન નામક ઝેર કુદરતી રીતે પેદા થાય છે. અફીણ કરતા આ ઝેર બસ્સો ગણું તાકાતવર હોય છે. 20 ગ્રામ અફીણનું કામ એક મિલિગ્રામ એપીબેટીડીન કરે. તે એટલું ઝેરી હોય છે કે દવા બનાવવામાં પણ તેનો ઉપયોગ થતો નથી. એ દેડકાઓ જંગલમાં કીડીઓ, મંકોડા અને બીજા જંતુઓ આરોગે છે તેમાંથી દેડકાના શરીરમાં એ ઝેર બને. એક ઇંચના કદના દેડકાનાં શરીર પર એટલી માત્રામાં એપીબેટીડીન હોય છે જે એક મોટી ભેંસને મારી નાખે. સ્થાનિક આદિવાસી લોકોએ ઝેરને સંભાળપૂર્વક એકઠું કરે છે.

તેઓનાં તીર અને તિક્ષ્ણ હથિયારોની ધાર પર એ ઝેર ચોંટાડે છે. તે લાગવાથી શિકાર તુરંત મરણ પામે છે. નવાલ્ની પર નર્વ ગેસની ધારી અસર ન થઇ તેથી આ પ્રકારના સૌથી કાતિલ ઝેરનો આશરો લેવાયો છે. શરીર સાથે સૂક્ષ્મ માત્રામાં આ ઝેર ભળે કે તુરંત વ્યક્તિને સખત પરસેવો વળવા માંડે છે. સ્નાયુઓ શિથિલ બનીને ધ્રુજવા માંડે છે અને આખરે આંચકી આવવા માંડે. વ્યક્તિના શરીરને લકવો લાગી જાય. શ્વાસોશ્વાસ બંધ થવા માંડે અને આખરે મરણ નીપજે. આ ઝેરથી લોહીનું દબાણ ખૂબ ઊંચે જાય છે. તેના ઉપાય તરીકે મેસામાયલામીન નામક ઔષધ છે, પણ મોટા ભાગના કિસ્સામાં તે હાથવગી બને તે અગાઉ મરણ થઇ ચૂક્યું હોય છે.

ફેબ્રુઆરી 2024માં જે દિવસે નવાલ્નીનું મરણ થયું. તેના આગલા દિવસે વિડિયો કોન્ફરન્સ મારફતે અદાલતની એક સુનાવણીમાં એ હાજર રહ્યા હતા. ત્યારે એ સાઇબિરિયા સ્થિત ધ્રુવ પ્રદેશની એક કોટડીમાં હતા. એ પાતળા બની ગયા હતા. આંખો ઊંડી ઊતરી હતી પણ એકંદરે મજામાં હતા. ન્યાયમૂર્તિ સાથે એ મજાક મજાકમાં બોલ્યા હતા કે પૈસા ખૂટી ગયા છે.

રશિયન ઓથોરિટી દુનિયાને કહી રહી હતી કે એમનું મૃત્યુ કુદરતી રીતે થયું છે. દુનિયા ત્યારે પણ માનતી ન હતી અને હવે કન્ફર્મ થઇ ગયું છે કે એમની હત્યા કરાઇ હતી. એ પણ કન્ફર્મ થઇ કે હત્યા વિચિત્ર રીતે કરવામાં આવી હતી. આ ખુલાસો એ રીતે થયો છે કે ગુપ્ત રીતે નવાલ્નીના શરીરના અમુક અંશો નવાલ્ની કુટુંબના સભ્યોએ મેળવી લીધા હતા અને ગુપ્ત રીતે રશિયાની બહાર મોકલી દેવાયા હતા. શક્ય છે કે આ કામમાં વિદેશોનાં મોસ્કો સ્થિત દૂતાવાસો કે એજન્ટોનો નવાલ્ની કુટુંબને સાથ મળ્યો હોય. જુદા જુદા દેશોની લેબોરેટરીઓમાં તેનું પૃથ્થકરણ અર્થાત એનાલિસિસ, કરાયું હતું. યુકેની બે લેબોરેટરીએ તારણ આપ્યું કે નવાલ્નીને દેડકાનું ઝેર અપાયું હતું. એપીબેટીડીન એક ન્યુરોટોક્સની છે. એટલે કે સીધી મગજ પર જ અસર કરે છે.

પરંતુ આ પ્રકારનું ઝેર રશિયામાં કુદરતી રીતે મળતું નથી. વળી આ દેડકાઓને પાંજરામાં રખાય તો તેઓ તે પ્રોડ્યુસ કરતા નથી. અગાઉ સિત્તેર એંસીના દશકમાં, જાહેર માર્ગો, સ્ટોર્સ કે સીટી બસ સ્ટેશનો પર છત્રીના છેડે ગોઠવેલી બારીક સોંયની મદદ વડે રશિયન વિરોધીઓના શરીરમાં ઝેર ઘૂસાડી દેવાયાનાં પ્રસંગો ઊજાગર થયા હતા.

છેલ્લે છેલ્લે યુકેમાં સ્થાયી થયેલા રશિયન જાસૂસ સર્ગેઇ સ્ક્રીપાલને એક બગીચામાં નાવોચીકનો ડોઝ એમને ખબર વગર અપાયો હતો. એ ખરાબ રીતે બિમાર પડી ગયા હતા. એ નોવોચીક નવાલ્નીનો જીવ લેવામાં નિષ્ફળ નીવડ્યું હતું.

બ્રિટિશ વિવેચકો લખે છે કે, પુતિન નવાલ્નીને જેલમાં કોઇ બીજી રીતે મારી શક્યા હોત. પરંતુ પોતાના ત્રાસવાદી આત્માને મનોરંજન મળે, સેડિસ્ટીક પ્લેઝર મળે તે માટે આ રીત અજમાવી છે. રશિયામાં એક જૂની કહેવત છે કે, 'તમારા પોતાના લોકોને જ માર મારો, જેથી બીજાઓ તમારાથી ડરે. આ રીતે નવાલ્નીનું કાસળ કાઢીને પુતિને અન્ય શક્ય વિરોધીઓને પણ સંદેશો પાઠવી દીધો છે. •